## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




મદદ કરને, આ બજેટમાં મને કાંઈ નથી સમજાતું... તું ભણેલી નથી તો કદાચ તને સમજાશે...!!

# વિકાસના કામોને તંત્ર અગ્રતા આપે તેમજ ઉદાસીન વલણ છોડે : મંગુબેન

## જિલ્લા પંચાયતના પ્રમુખે યોજનાકીય કાર્યોની સમીક્ષા કરી

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં વિકાસના કામો અંગે તંત્રના ઉદાસીન વલણને લઈ આજે પંચાયત પ્રમુખે નારાજગીનો સૂર છેડ્યો હતો. ખાસ કરીને આરોગ્ય વિભાગ દ્વારા દાખવવામાં આવેલી રહેલી નારાજગી અંગે તેમણે કામમાં ગતિ આવે તેના પર ભાર મુક્યો હતો.

ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ મંગુબેન શ. પટેલ(ચૌધરી)એ આજે યોજનાકીય કામોની અમલવારી અંગે સમીક્ષા બેઠક યોજી હતી. તેમણે અધિકારીઓને લેખિતમાં વિગતો સાથે હાજર રહેવા માટે પણ તાકીદ કરી હતી.

આજે યોજાયેલ બેઠકમાં આરોગ્ય વિભાગ માટે ૧.૨૨ કરોડની ગ્રાન્ટમાંથી માત્ર ૩૦ લાખના કામો જ થયા હોવાની વાતને લઈ તેમણે નારાજગી વ્યક્ત કરી હતી.

આજની આ બેઠકમાં મહિલા-બાળ વિકાસ યોજનાના અધિકારીની ગેરહાજરી અંગે પણ તેમણે ગંભીર નોંધ લઈ જિલ્લા વિકાસ અધિકારીનું આ મુદ્દે ધ્યાન દોર્યુ હતુ. માણસા તાલુકામાં આંગણવાડીના કાર્યકરોના બે માસથી પગાર નહિ થયાની મળેલી ફરિયાદને પણ ગંભીરતાથી લેવા જણાવ્યુ હતુ.

આ બેઠકમાં બજારમાં મગફળીનું બિયારણ સસ્તુ મળી રહ્યુ છે જ્યારે બીજ નિગમનું મોંઘુ બિયારણ મળતુ હોવાની ફરિયાદ પર પણ ચર્ચા થઈ હતી. આ ઉપરાંત જિલ્લામાં ખરીફ ઋતુના વાવેતર અંગે જિલ્લામાં બિયારણ ખાતર ઉપલબ્ધિની વિગતો મેળવી તેમણે સંતોષ વ્યક્ત કર્યો હતો.

જિલ્લામાં ચોમાસા દરમ્યાન રોડ-રિપેરીંગ માટે તંત્રએ તૈયારી કેટલી રાખી છે તેની પણ જાણકારી મેળવી હતી. આ બેઠકમાં ૧૪મા નાણાંપંચના કામોની વિગતો તેમજ પ્રોત્સાહન ગ્રાન્ટ મેળવવા પાત્ર ગામોની વિગતો અંગે તેમણે ઝડપ રાખવા પર ભાર મુક્યો હતો. આ ઉપરાંત સભ્યોના વિસ્તાર વિકાસના કામોને ઝડપી વહીવટીય અને તકનીકી મંજૂરી મળે તેના પર પણ વિશેષ ભાર મુક્યો હતો. વિકાસના કામોને અગ્રતા આપવામાં આવે તેમ પણ તેમણે સૂચવ્યુ હતુ.




વરસાદની સીઝન શરૂ થઈ છે ત્યાં તો સ્ટ્રીટલાઈટોની ફરિયાદો ઉઠવા પામી છે. સેક્ટર-૧૬માં નાગરિક બેંકની બાજુમાં છેલ્લા ઘણા સમયથી સ્ટ્રીટલાઈટ બંધ છે. વારંવાર આ અંગે ફરિયાદ કરવા છતાં તંત્ર દ્વારા આ વાતને ધ્યાને લેવામાં આવતી નથી.

# ગાંધીનગર-અમદાવાદમાં મળીને ૫૧ હજાર તુલસી છોડનું વિતરણ કરાયું

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરના સમસ્ત રાજસ્થાન સમાજ તથા એનપીપી સેવા ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે ૫ હજાર તુલસીના છોડનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે અમદાવાદના ૩૭ અને ગાંધીનગરના ૭ કેન્દ્રો પરથી કુલ ૫૧ હજાર તુલસીના છોડનું વિતરણ રવિવારે કરવામાં આવ્યું. આ પ્રસંગે અમદાવાદ ખાતે યોજાયેલા ઉદ્દ્ઘાટન સમારંભમાં રાજ્યના શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, ધારાસભ્ય કિરીટભાઈ સોલંકી તથા ભુપેન્દ્રભાઈ પટેલ, ભાજપ યુવા મોરચાના અધ્યક્ષ




ઋત્વિજ પટેલ, ધર્માચાર્ય ફુલશંકર મહારાજ તથા બ્રહ્માકુમારી ગાંધીનગરના કૈલાસદીદી ઉપસ્થિત રહ્યાં હતા.

ગાંધીનગરમાં યોજાયેલા તુલસી વિતરણ કેન્દ્રો પરથી ગણતરીના સમયમાં જ છોડનું વિતરણ સમાપ્ત થઈ ગયુ હતુ તેથી સંસ્થા દ્વારા ફરી વધુ તુલસીના છોડનું વિતરણ યોજવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. તુલસી વિતરણ કાર્યમાં મુકેશકુમાર વ્યાસ, તુલસીભાઈ માલી, માનાજી મારવાડી, જગદાનભાઈ ગઢવી, દર્મવીર ચૌધરી, શિવ જાટ, કૈલાસબેન લખવારા, દીપાજી પંચાલ, રમેશભાઈ મેઘવાલ, મોતી મહારાજ, ચોલારામ મેઘવાલ, અનિલ મહેશ્વરી, મયુરભાઈ મહેશ્વરી, જીતુભાઈ મેઘવાલ, ભીંવર મેઘવાલ, નરેન્દ્ર ચૌધરી વગેરેએ સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

## રાજયપાલનો ચાર્જ મધ્યપ્રદેશના ગવર્નરને સોંપાય તેવી વકી

ગુજરાતના રાજયપાલ ઓ.પી.કોહલીનો પાંચ વર્ષનો કાર્યકાળ આગામી ૧૫મી જુલાઈએ પૂર્ણ થઈ રહ્યો છે. રાજયપાલ કોહલીની નિવૃત્તિ બાદ ગુજરાતના નવા રાજયપાલની ટૂંક સમયમાં નિમણૂક કરવામાં આવશે. જો કે, ત્યાં સુધી મધ્યપ્રદેશના રાજયપાલ આનંદીબેન પટેલને ગુજરાતનો પણ ચાર્જ સોંપવામાં આવે તેવી શક્યતાઓ છે. ગુજરાતના રાજ્યપાલ પદે ઓ.પી.કોહલી ગત ૧૬ જુલાઈ ૨૦૧૪ના રોજ નિમણૂક પામ્યા હતા. તેમનો કાર્યકાળ પાંચ વર્ષનો હતો. જે આગામી ૧૫મી જુલાઈના રોજ પૂરો થઈ રહ્યો છે. ગુજરાતમાં નવા ગવર્નરની નિમણૂકની દિશામાં કેન્દ્ર અને રાજ્ય સરકાર સાથે મળીને વિચારણા કરી રહી છે. પરંતુ જ્યાં સુધી ગુજરાતમાં નવા રાજયપાલની નિમણૂક કરવામાં ન આવે ત્યાં સુધી મધ્યપ્રદેશના રાજયપાલ આનંદીબેન પટેલને ગુજરાતના રાજ્યપાલનો ચાર્જ સોંપવામાં આવે તેવી શકયતાઓ પ્રવર્તી રહી છે.

# ગાંધીનગર ચા... રાજા... સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ ગોલ્ડન જયુબિલી ઉજવશે

**આધ્યાત્મિક ચેતના જાગૃત કરવાની સાથે કલા અને સંસ્કૃતિના સમન્વય થકી સ્થાનિક કલાકારોને સ્ટેજ પુરુ પાડશે : નિઃ શુલ્ક અનેકવિધ કાર્યક્રમોનુ આયોજન કરાશે : સતત ૫૦ માં વર્ષે સમિતિ દ્વારા ગણેશોત્સવની ઉજવણી કરાશે**

ગાંધીનગર તા ૮

શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા ૫૦ માં ગણેશોત્સવની ધામધુમપુર્વક ઉજવણી કરવા માટે તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આગામી તા ૨ થી ૯ સપ્ટેમ્બર દરમિયાન ગણેશોત્સવ સમિતિ દ્વારા ભગવાન શ્રીજીની દિવ્ય અને ભવ્ય મુર્તિની શોભાયાત્રા પુજાવિધી તેમજ અનેક વિધ ધાર્મિક કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવશે. નિઃશુલ્ક મનોરંજનના કાર્યક્રમો પણ યોજવામાં આવશે. નગરના બાળકો તેમજ સ્થાનિક કલાકારોની આંતરિક શક્તિ નિખારવા માટે તેમને સ્ટેજ પુરુ પાડવામાં આવશે. ગણેશોત્સવના આયોજન તેમજ વર્ષ ૨૦૧૯-૨૦ ના માટે હોદેદારોની સર્વાનુમતે વરણી કરવા માટે એક બેઠકનુ આયોજન પણ સમિતિ દ્વારા કરવામાં આવ્યુ હતુ. જેમાં સમિતિના અધ્યક્ષ તરીકે નિશિત વ્યાસની પુન : સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.

શહેરમાં ગણેશોત્સવની ભવ્યાતિભવ્ય ઉજવણી કરવામાં આવે છે. શહેરના સેકટરોમાં ગણેશોત્સવની ઉજવણીને અનુલક્ષીને વિશાળ પંડાલમાં શ્રીજીની મુર્તિ સ્થાપિત કરી વૈવિધ્યસભર ધાર્મિક તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમોનુ આયોજન કરવામાં આવે છે. જયારે શહેરમાં સૌ પ્રથમવાર ગણેશોત્સવની ઉજવણીનો પ્રારંભ કરનાર શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા આ વર્ષે ૫૦ માં વર્ષને ધ્યાને લઈ ભવ્ય આયોજન કરવામાં આવશે. શહેરના સ્થાપના કાળથી સમિતિ દ્વારા ગણેશોત્સવની વિશિષ્ટ ઉજવણી કરવામાં આવે છે. નગરના તમામ વર્ગના નાગરિકોને સાથે રાખીને નિઃ શુલ્ક ધાર્મિક તેમજ મનોરંજનના કાર્યક્રમોનુ આયોજન સમિતિ દ્વારા કરવામાં આવે છે. આગામી તા ૨ થી ૮ સપ્ટેમ્બર દરમિયાન ગણેશોત્સવની ઉજવણીને અનુલક્ષી અત્યારથી તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આ અન્વયે શહેરમાં સમિતિની મળેલી સાધારણ સભામાં વાર્ષિક હીસાબો રજુ કરાયા હતા. જયારે આ હીસાબોને પણ સર્વાનુમતે બહાલી આપવામાં આવી હતી.જયારે વર્ષ ૨૦૧૯-૨૦ ના હોદેદારોની વરણી કરવામાં આવી હતી. જેમાં સમિતિના અધ્યક્ષ તરીકે નિશિત વ્યાસ, ઉપાધ્યક્ષ તરીકે અરૂણ બુચ, હીરેન શાસ્ત્રી અને મહામંત્રી તરીકે જયરાજસિંહ સરવૈયા, ડો ચેતના બુચ અને શૈલેન્દ્રસિંહ બિહોલાની વરણી કરવામા 'આવી હતી. જયારે ખજાનચી તરીકે દિલીપ ત્રિવેદી અને અન્ય વિવિધ સમિતિના પદાધિકારી તરીકે રાકેશ જાની , મીતુલ જોષી, વૈભવ જાની,મુકેશ મારુ,તુષાર શાહ, હનીફ શૈખની વરણી કરવામાં આવી હતી. આ દરમિયાન સભ્યોએ ગણેશોત્સવની ઉજવણીના ૫૦માં વર્ષને શાનદાર અને યાદગાર બનાવવા માટે જરૂરી



સુચનો પણ કર્યા હતા. ગણેશોત્સવ સમિતિ દ્વારા છેલ્લા ૪૯ વર્ષથી શહેરમાં શ્રીજીની ભક્તિ આરાધના માટે ગણેશોત્સવની શાનદાર ઉજવણી કરવામાં આવે છે. શ્રીજીની ભવ્ય શોભાયાત્રાની સાથે ગણેશજીની પુજા અર્ચના સાથે ઉજવાતા ભવ્ય ગણેશોત્સવના આયોજનમાં ધર્મ કલા અને સંસ્કૃતિનો અનોખો સમન્વય જોવા મળે છે. જયારે આ દરમિયાન થતા નિઃશુલ્ક અનેકવિધ કાર્યક્રમોના લીધે શહેરના કલાકારોને સ્ટેજ પણ પુરુ પાડવામાં આવે છે.






## આલમપુર ખાતે જિલ્લા કક્ષાનો સંગઠન પર્વ સદસ્યતા લોંચિંગ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગરના આલમપુર શાકમાર્કેટ એપીએમસી ખાતે સંગઠન પર્વ સદસ્યતા અભિયાનનો જિલ્લા કક્ષાનો લોંચિંગ કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં ભાજપ પ્રદેશ ઉપાધ્યક્ષ જયશ્રીબેન પટેલ, દહેગામ ધારાસભ્ય બલરાજસિંહ ચૌહાણ, દહેગામ એપીએમસી ચેરમેન સુમેરુભાઈ અમીન, પૂર્વ ભાજપ ગાંધીનગર જિલ્લા અધ્યક્ષ રમેશભાઈ પટેલ તેમજ ભાજપના જિલ્લા કક્ષાના આગેવાનો તથા કાર્યકરો સાથે અંદાજે ૩૦૦ નાગરિકો હાજર રહ્યા હતા. આ કાર્યક્રમની શરૂઆતમાં હાજર આગેવાનો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન ડિજિટલ પ્રોજેકટર દ્વારા વારાણસી ખાતે માનનીય પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા શરુ કરવામાં આવેલ દેશ વ્યાપી સંગઠન પર્વ સદસ્યતા અભિયાન કાર્યક્રમનો લાઈવ પ્રસારણ બતાડવામાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

# અલ્પેશ ઠાકોરની ભાજપમાં એન્ટ્રી થાય તો વિવાદ વધશે

ગાંધીનગર, તા.૮

તાજેતરમાં રાજયસભાની ચૂંટણીના દિવસે તા.૫ જુલાઈના રોજ કોંગ્રેસના ધારાસભ્યપદેથી રાજીનામું આપનારા અલ્પેશ ઠાકોર અને તેના સાથી ધવલસિંહ ઝાલાના રાજકીય ભાવિ સામે હવે અનેક પ્રશ્નાર્થ સર્જાયા છે. કોંગ્રેસ સામે નારાજગી બાદ રાજીનામાના અનેક નાટકો પછી પણ અલ્પેશ ઠાકોર અને ધવલસિંહ ઝાલાએ અંતે કોંગ્રેસ તો છોડી દીધી પરંતુ ભાજપમાં બન્નેના પ્રવેશ મામલે વિરોધ શરૂ થતા ભાજપમાં પણ બન્નેની એન્ટ્રી પર હાલ પૂરતી તો રોક વાગી ગઈ છે. જેના કારણે અલ્પેશ ઠાકોરની હાલત તો ફકોડી બની જ છે પરંતુ તેના પગલે પગલે ચાલનારા ધવલસિંહ ઝાલાની હાલત પણ સૂડી વચ્ચે સોપારી જેવી થઈ છે. બીજીબાજુ, આ અલ્પેશ અને ધવલસિંહ તેમના જે મતવિસ્તારોમાંથી ચૂંટાઈ આવ્યા તે વિસ્તારમાં પણ તેમના વિરૂધ્ધ વિરોધનો વંટોળ અને રોષ સામે આવી રહ્યો છે.

જેને લઈ હવે સ્થાનિક રાજકારણ ગરમાયું છે. લોકસભા ચૂંટણી સમયથી કોંગ્રેસથી નારાજ અલ્પેશ ઠાકોર ભાજપમાં જોડાઈ જશે તેવી વાતો વહેતી થઈ હતી. જેની સામે ભાજપના ઠાકોર સમાજના સ્થાનિક અને પ્રદેશના આગેવાનોએ અલ્પેશને ભાજપમાં ન લેવા માટે પક્ષની નેતાગીરી પર દબાણ કર્યું હતું. જેને પગલે રાજીનામાના ત્રણ દિવસ બાદ પણ તેની ભાજપમાં એન્ટ્રી અટવાઈ પડી છે.

કોંગ્રેસના અન્ય ધારાસભ્યો ભાજપમાં જવા તૈયાર ન થતા અલ્પેશ ઠાકોરની બાજી ઉંધી પડી છે. ઘણા લાંબા સમયથી અલ્પેશ ઠાકોર ભાજપમાં જોડાશે અને તેને મંત્રી બનાવશે તેવી રાજકીય ગતિવિધિઓ ચાલી રહી હતી. પરંતુ અલ્પેશ ઠાકોરને મંત્રી બનાવવા પાછળ ભાજપની પણ સોદાબાજી હોવાનું બહાર આવ્યું હતું. જેમાં અલ્પેશ ઠાકોર કોંગ્રેસના પાંચથી વધુ ધારાસભ્યો લઈને ભાજપમાં આવે તો જ તેને મંત્રી પદ આપવું તેવી ચર્ચાઓ ચાલી હતી. છેલ્લા બે મહિનાથી અલ્પેશ ઠાકોરે પહેલ કરીને કોંગ્રેસમાંથી રાજીનામાની કાર્યવાહી શરૂ કરી હતી. પરંતુ અલ્પેશની સાથે રાજીનામા આપવા માટે અન્ય કોઈ કોંગ્રેસના ધારાસભ્યો તૈયાર ન થતા અલ્પેશ ઠાકોર અટવાયો હતો.

## સેક્ટર-૮માં ગેસ સ્ટવમાં આગ લાગતા દોડધામ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર શહેરના સેક્ટર-૮ પ્લોટ નં. ૩૧૯/બી-૨ ખાતે રહેતા નિરજ મિશ્રાના ઘરે સાંજના સુમારે રસોડમાં રસોઈ બનાવવાનું કામ ચાલી રહ્યું હતું તે દરમિયાન ગેસ સ્ટવ પાસે આગ લાગવાની ઘટના બની હતી. જોકે મહિલાએ સમય સૂચકતા વાપરી રસોડામાંથી બહાર નીકળી ગયા હતા અને આગ પર કાબુ મેળવવાનો પ્રયાસ કર્યો હતો. બનાવ અંગે ફાયરને કોલ મળતા તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી જઈ આગ પર કાબુ મેળવી લીધો હતો. આગને પગલે ઘરમાં દોડધામ મચી જવા પામી હતી.

# આજે સદસ્યતા અભિયાન હેઠળ કમલમ ખાતે બેઠક

ગાંધીનગર,તા.૮

ભાજપા પ્રદેશ ઉપાધ્યક્ષ અને સંગઠન પર્વના પ્રદેશ સંયોજક ભાર્ગવ ભટ્ટની એક અખબારી યાદી જણાવે છે કે, ભાજપા પ્રદેશ અધ્યક્ષ જીતુ વાઘાણીની અધ્યક્ષતામાં આવતીકાલે તારીખ ૦૯ જુલાઈ, ૨૦૧૯ મંગળવારના રોજ ''શ્રી કમલમ'' કોબા, ગાંધીનગર ખાતે સવારે ૧૦.૩૦ કલાકે ''સદસ્યતા અભિયાન'' અંતર્ગત વિવિધ મોરચાઓ તથા સેલ તેમજ વિભાગ-પ્રકલ્પની સંયુક્ત પ્રદેશ બેઠક તથા બપોરે ૧૨.૦૦ કલાકે વિસ્તારઓની બેઠક યોજાશે. જેમાં રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રી વી સતીષ તથા પ્રદેશ સંગઠન મહામંત્રી ભીખુ દલસાણીયા વિશેષ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપશે. ભટ્ટે જણાવ્યુ હતુ કે, આવતીકાલે સવારે ૧૦.૩૦ કલાકે યોજાનાર ''સદસ્યતા અભિયાન'' અંતર્ગત વિવિધ મોરચાઓ તથા સેલ તેમજ વિભાગ-પ્રકલ્પની સંયુક્ત પ્રદેશ બેઠકમાં પ્રદેશ મહામંત્રીઓ, વિવિધ મોરચાના પ્રદેશ પ્રભારીઓ, પ્રદેશ અને ઝોનના સંગઠન પર્વના ઈન્ચાર્જ-સહ ઈન્ચાર્જઓ, વિવિધ મોરચાના રાષ્ટ્રીય હોદ્દેદાર અને કારોબારી સભ્યઓ, વિવિધ મોરચાના પ્રદેશ હોદ્દેદારઓ, વિવિધ પ્રદેશ સેલના કન્વીનરઓ, વિભાગ-પ્રકલ્પના પ્રદેશ કન્વીનરઓ, વિવિધ મોરચાઓના જીલ્લા/મહાનગરના પ્રભારીઓ તથા મોરચાઓના અંતર્ગત આવતા સેલના કન્વીનરઓ ઉપસ્થિત રહેશે.

# સામાજીક એકતા જાગૃતિ મિશનની પ્રદેશ કારોબારી સમિતિની બેઠક ગાંધીનગર મુકામે યોજાઈ

**વ્યવસ્થા પરીવર્તનના ઉદ્દેશ્ય સાથે સામાજીક એકતા જાગૃતિ મિશન દેશના છ રાજ્યોમાં કામ કરે છે**

ગાંધીનગર, તા. ૮

આજ રોજ ગાંધીનગર મુકામે સામાજીક એકતા જાગૃતિ મિશનની ગુજરાત પ્રદેશની કારોબારી સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં સંગઠનના રાષ્ટ્રીય સંયોજક કેવલસિંહ રાઠોડ, પ્રદેશ પ્રભારી ચિરાગભાઈ પરીખ, પ્રદેશ અધ્યક્ષ મનોજભાઈ પરમાર સહિતના તમામ કારોબારી સદસ્યો ઉપસ્થિત રહ્યા હતા.

સામાજીક એકતા જાગૃતિ મિશનની પ્રદેશ કારોબારી સમિતિની બેઠકમાં પ્રદેશના પદાધિકારીઓ તથા રાજ્યના તમામ ઝોનલ પ્રભારીઓને સંગઠનમાં નવી જવાબદારીઓ આપવામાં આવી હતી. આજની બેઠકમાં મુખ્ય બે પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યા હતાં. જેમાં 'અસ્પૃશ્યતા નિવારણ શિબિર' તેમજ 'સર્વ સમાજ ભાઈચારા સંમેલન' ના કાર્યક્રમો રાજ્યભરમાં ચલાવવા બાબતે કારોબારી સમિતિ દ્વારા નક્કી કરવામાં આવ્યું છે.

આજની બેઠકમાં અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ, અન્ય પછાત વર્ગ, ધાર્મિક લઘુમતી તેમજ સર્વસમાજના ગરીબોની સમસ્યાના ઉકેલ માટે ગ્રાસ રૂટ લેવલ પર કામ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. આજની બેઠકમાં તમામ જીલ્લાઓના અધ્યક્ષોને સામાજીક એકતા જાગૃતિ મિશન સંગઠનના મિશન અને વિઝન વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.

સામાજીક એકતા જાગૃતિ મિશન ગુજરાત સિવાય દિવ દમણ, દાદરાનગર હવેલી, રાજસ્થાન, મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશ સહિતના રાજ્યોમાં સમાજ પરિવર્તનનું કામ કરનારૂ મજબૂત સંગઠન છે. હવે પછીની પ્રદેશ કારોબારી સમિતિની બેઠક આવતા મહિને યોજવામાં આવશે.




## છાલા હાઈસ્કૂલ ખાતે વિશ્વ વસતિ દિવસ અંતર્ગત જનજાગૃતિ રેલી યોજાઈ

ગાંધીનગર તાલુકાના છાલા શેઠ કે.એમ. શાહ સર્વોદય હાઈસ્કૂલ તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર પ્રાંતિયાના સંયુક્ત ઉપક્રમે વિશ્વ વસ્તી દિવસ અંતર્ગત ગામમાં વસ્તી વૃદ્ધિની સમસ્યા અને અસરોની જનજાગૃતિ કેળવવા રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ જનજાગૃતિ રેલીમાં શાળાના આચાર્ય રમેશભાઈ એસ. ચૌધરી, ઉપાચાર્ય એન.કે. પરમાર, વ્યાયામ શિક્ષક દિપકભાઈ એમ. શુક્લ, પ્રા. આરોગ્ય કેન્દ્રના કર્મચારી પ્રફુલભાઈ ટી. પટેલ, વિશ્વજીતભાઈ એન. પટેલ, આરોગ્ય કર્મચારીગણ, આશાવર્કર બહેનો, આશા ફેસેલીટર તથા શાળાના તમામ વિદ્યાર્થીઓએ ખૂબ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.



## વોક ઈન ઈન્ટરવ્યુ

**હંગામી/કરાર આધારિત ભરતી**

**સાંદીપની સ્કૂલ ઓફ એક્સેલન્સ**

**ગાંધીનગર**

સાંદીપની સ્કૂલ ઓફ એક્સેલન્સ ખાતે અંગ્રેજી માધ્યમની સ્કૂલમાં ધોરણ- ૭ અને ૮ માટેહંગામી/કરાર આધારિત જગ્યાઓ માટે નીચે દર્શાવ્યા મુજબ કરાર આધારિત લેવાના છે.

| ક્રમ | જગ્યાનું નામ | લાયકાત |
|---|---|---|
| ૧ | ગણિત વિજ્ઞાન શિક્ષક | બી. એસસી. / એમ.એસસી અને બી.એડ. |
| ૨ | ભાષા- અંગ્રેજી, ગુજરાતી, હિન્દી, સંસ્કૃત | બી.એ./એમ.એ. અને બી. એડ. |
| ૩ | સામાજીક વિજ્ઞાન શિક્ષક | સામાજીક વિજ્ઞાનના કોઈપણ વિષય સાથે બી.એ./એમ.એ. અને બી.એડ. |

**ઈન્ટરવ્યુ તારીખ** : ૧૦/૦૭/૨૦૧૯ (બુધવાર)
**સમય** : સવારે ૧૧.૦૦ કલાકે
**સ્થળ** : ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટીચર એજ્યુકેશન, મહાત્મા મંદિર પાસે, ખ રોડ, સેક્ટર- ૧૫, ગાંધીનગર